ક્યુ.આઈ.પી. અંતર્ગત સરકારી ઈજનેરી કોલેજો/પોલીટેકનીક કોલેજોના અધ્યાપકોને એમ.ઈ./ એમ.ટેક અને પી.એચ.ડી. ડીગ્રીના અભ્યાસમાટે અભ્યાસરજા પર મોકલવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
જાહેરનામા ક્રમાંક: ટીઈએમ-૧૦-૨૦૧૨-૬૫૨૪૪૬-ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા. 03 FEB 2016

વંચાણે લીધા :(૧) શિક્ષણ વિભાગના તા.૨૪-૦૯-૭૦ના ઠરાવ ક્રમાંક:-ટીઈએમ-૩૩૭૦-૬૧૭૧૯-ઘ

(૨) શિક્ષણ વિભાગના તા.૧૦-૧૨-૭૬ના ઠરાવ ક્રમાંક:-ટીઈએમ-૩૩૭૬-૧૪૭૭૬-લ

(૩) નિયામકશ્રી(ટે.શિ.)ના તા.૨૨-૧૨-૭૬ના પરિપત્ર ક્રમાંક:-ટીટીપી-૫૦૭૬-૩૧૦૫-બી-૧-૭૦૬૫૪

(૪) શિક્ષણ વિભાગના તા.૦૩-૦૮-૭૮ના ઠરાવ ક્રમાંક:-એસસીટી-૬૫૭૮-૪૧૩૭૯-ઘ

(૫) શિક્ષણ વિભાગના તા.૧૨-૦૭-૦૫ના ઠરાવ ક્રમાંક:-ટીઈએમ-૧૨૦૫-૧૨૪૮-ઘ

(૬) શિક્ષણ વિભાગના તા.૦૩-૧૧-૦૬ના ઠરાવ ક્રમાંક:-ટીઈએમ-૧૨૦૬-૧૨૭૨-ઘ

(૭) શિક્ષણ વિભાગના તા.૧૦-૦૯-૦૯ના ઠરાવ ક્રમાંક:-ટીઈએમ-૧૨૦૫-૧૨૪૮-ઘ

(૮) કમિશ્નરશ્રી(ટે.શિ.)ની કચેરીનો તા.૧૭-૧૨-૨૦૧૧નો પત્ર ક્રમાંક:જીઈસી/પી.એચ.ડી/ઘ.૧/૨/૨૦૧૧/૩૬૩૫૨

આમુખ :-

વંચાણે લીધેલ ક્રમ: (૧) થી (૭) પરના ઠરાવો/ પરિપત્રની જોગવાઈઓ અનુસાર નિયામકશ્રી/કમિશ્નરશ્રી (ટેકનીકલ શિક્ષણ)ની કચેરી હસ્તકની સરકારી ઈજનેરી કોલેજો/પોલીટેકનીક કોલેજોના અધ્યાપકોને એમ.ઈ./ એમ.ટેક અને પી.એચ.ડી. ડીગ્રીના અભ્યાસમાટે પ્રતિનિયુક્તિથી મોકલવાની યોજના હાલ અમલમાં છે. કમિશ્નરશ્રી(ટે.શિ.)ની કચેરીના ક્રમ(૮) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત મુજબ આ યોજનામાં કેટલાક ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણ હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે સરકારી ઈજનેરી કોલેજો/પોલીટેકનીક કોલેજોના અધ્યાપકોને એમ.ઈ./ એમ.ટેક અને પી.એચ.ડી. ડીગ્રીના અભ્યાસમાટે અભ્યાસરજા મંજુર કરવાની સત્તા ટેકનીકલ શિક્ષણ કમિશ્નરશ્રીને નીચેની શરતે આપવામાં આવે છે. :-

(૧) M.E./M.Tech માટે દર વર્ષે મોકલવામાં આવતા સરકારી ઈજનેરી કોલેજો ખાતેના ૩૦ અને સરકારી પોલીટેકનીક કોલેજોના ૩૦ એમ કુલ ૬૦ અધ્યાપકોને બદલે બન્ને મળી કુલ ૮૦ અધ્યાપકોને મોકલવાના રહેશે.

(૨) M.E./ M.Tech/Ph.D માટે અભ્યાસ રજા મંજુર કરવા માટે અજમાયશી સમય પુર્ણ કરેલ હોય અને નિયમિત નિમણુંકના પાંચ વર્ષ પુર્ણ થયેથી આવી રજા સીનીયોરીટીના ધોરણે મંજુર કરવાની રહેશે. અભ્યાસ રજાનો લાભ લીધેલ હોય તેવા અધ્યાપકોને પાંચ વર્ષ પૂર્ણ થયેથી Ph.D માટે અભ્યાસ રજા/ અન્ય રજા મંજુર કરવાની રહેશે.

(3) માન્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં M.E./ M.Tech માટે ૨(બે) વર્ષ અભ્યાસ કરવાનો હોઈ ૨(બે) વર્ષની અભ્યાસ રજા મંજુર કરવાની રહેશે. જો કોઈ અધ્યાપકને તેની ઈચ્છાનુસાર M.E./ M.Tech માટે ૧(એક) વર્ષની અભ્યાસ રજા મંજુર કરાય તેવા અધ્યાપકને બીજા વર્ષની અંગત રજાઓ લઈને અભ્યાસ પૂર્ણ કરવાની મંજુરી આપવાની રહેશે.

(૪) M.E./ M.Tech માટે ૨ વર્ષની અભ્યાસ રજા લેનારે Ph.D નો અભ્યાસ સ્વ-ખર્ચે અને અંગત રજાઓ લઈને કરવાનો રહેશે. તેમજ M.E./ M.Tech માટે ૧ વર્ષની અભ્યાસ રજા લેનારે Ph.D ના અભ્યાસ માટે ૧ વર્ષ અભ્યાસ રજા અને બાકીના ૨ વર્ષનો સમય અંગત રજાઓ લઈને કરવાનો રહેશે. જો M.E./ M.Tech ની પદવી ધરાવતા હોય તો તેમને ૨ વર્ષની Ph.D માટે અભ્યાસ રજા મળી શકશે અને ૧ વર્ષની અંગત રજાઓ લઈ શકશે. ટુંકમાં સમગ્ર નોકરીના સમયગાળા દરમ્યાન બધી મળી કુલ ૨ વર્ષની અભ્યાસ રજા મળવાપાત્ર થશે.

(૫) Ph.D માટે નિયામકશ્રી(ટે.શિ.) નિયંત્રણ હેઠળની કોલેજો/ પોલીટેકનીકોના અધ્યાપકોની વાર્ષિક ૫૦ ની સંખ્યાની મર્યાદામાં સીનીયોરીટીના ધોરણે અભ્યાસ રજા મંજુર કરવાની રહેશે.

(૬) અભ્યાસ રજા મેળવનાર અધ્યાપકોને ટ્યુશન ફી/ પરીક્ષા ફી / અન્ય તમામ ખર્ચ પોતે ભોગવવાની રહેશે.

(૭) ગુણવત્તા સભર M.E./M.Tech/Ph.D નો ઉચ્ચ અભ્યાસ મેળવવાના હેતુસર IIT/NIT/QIP સેન્ટર્સ/GTU/NBA Accredited PG Programs/ Center of Excellence / માન્ય યુનિવર્સિટીઓમાં અને સંસ્થાઓમાં પ્રવેશ માટે જ અભ્યાસ રજા મંજુર કરવામાં આવશે.

(૮) અભ્યાસ રજા પર જતા અધ્યાપકોના શૈક્ષણિક કાર્યભારની વ્યવસ્થા, અન્ય અધ્યાપકો વચ્ચે આંતરિક કામગીરીની વહેંચણી કરીને કરવાની રહેશે. જેથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર વિપરીત અસર ન થાય.

(૯) M.E./ M.Tech/Ph.D માટે અભ્યાસનો સમયગાળો પૂર્ણ થયેથી પાંચ વર્ષ માટે રૂ.૧૫ લાખનું બોન્ડ આપવાનું રહેશે. અધ્યાપકે અભ્યાસ પૂર્ણ થયા બાદ ડીગ્રીનું સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે અને

જો તે રજુ ન કરી શકે તો અભ્યાસના સમયગાળાનો પગાર વસુલ કરવામાં આવશે તે મુજબની લેખિત બાંહેધરી અધ્યાપકોએ આપવાની રહેશે.

(૧૦) M.E./ M.Tech/Ph.D માટે અભ્યાસ રજાઓ હાલની જોગવાઈ મુજબ નિયામકશ્રી(ટે.શિ.) દ્વારા મંજુર કરવાની રહેશે.

(૧૧) અધ્યાપકો હાલની જોગવાઈઓ મુજબ ઉક્ત ડીગ્રી મેળવવા પ્રતિનિયુક્તિ પર જાય છે તેના બદલે ફક્ત ઉપરોક્ત જોગવાઈઓ અનુસાર અભ્યાસ રજા લઈને જ અભ્યાસ કરવાનો રહેશે.

આ હુકમો શિક્ષણ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૨-૧૨-૨૦૧૪ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.એમ.ખરાડી)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

> નાયબ સચિવશ્રી(તિજોરી/પેન્શન), નાણા વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
> કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણ, બ્લોક નં.૨/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
> નિયામકશ્રી હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
> રજિસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, વિશ્વકર્મા એન્જીનિયરીંગ કોલેજ, ચાંદખેડા, અમદાવાદ.
> આચાર્યશ્રીઓ(તમામ) સરકારી ઈજનેરી કોલેજો( કમિશ્નરશ્રી(ટે.શિ.)ની કચેરી મારફત)
> આચાર્યશ્રીઓ(તમામ) સરકારી પોલીટેકનીક કોલેજો(કમિશ્નરશ્રી(ટે.શિ.)ની કચેરી મારફત)
> સ- શાખા, શિક્ષણ વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
> કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
> સિલેક્ટ ફાઈલ